उपवित महात्म्यनी कथा.

आचार्ये प्रथम ब्रह्मचारी पासे सरस्वति पुजन गंधा-पुष्प धुपदीप नैवेद्य वडे करावकुं. पछी सकळ समाजने कथा श्रवण करावकी.

उपोद्घात.

બ્રાહ્મણ, ક્ષત્રી, અને વૈશ્ય એ ત્રણ વર્ણના લોકો દ્વિજ કહેવાય છે. દ્વિજ શબ્દનો અર્થ બે જન્મ વાળો. પેહેલો જન્મ પોતાની માતાના ઉદરમાંથી થાય છે તે, અને બીજો જન્મ તેને ઉપવિત દેવાના સંસ્કાર કરવામાં આવે ત્યારે. એ દ્વિજ લોકોને ઉપવિત (જનોઈ) દેવાનો સંસ્કાર ક્યારે અને કેટલી ઉમ્મરે કરવો અને તે સંસ્કાર કરવાનું કારણ શું છે? તે હાલના સમયના કેટલાક દ્વિજો અને આચર્યો (ગોર) ઘણું કરીને જાણતા કે સમજતા નથી. પોત પોતાના નાત રીવાજ પ્રમાણે જનોઇનો ધાગો બ્રાહ્મણાદિ સગા સંબંધીઓને બોલાવીને પેરાવે છે. માટે તેનું ખરૂં કારણ શું છે? તે સર્વને સેહેલાઈથી જાણવાને અને સમજવાને સુગમ પડે એટલા સારૂ મેં કેટલાંક પુસ્તકોમાંથી સાર સંગ્રહ કરી આ લઘુ પુસ્તક તૈયાર કર્યુ છે.

નાનાં બાળકોને નાંનપણથી જ ઈશ્વરની ભક્તિ કરવાનો ઉપદેશ થવો જોઇએ, ઘણું કરીને બાળકને આઠ વર્ષનું વય થાય ત્યારથી વિદ્યારંભ કરવાનો આપણા ભારત વર્ષમાં સંપ્રદાય છે.

(**अष्टमेवर्षे ब्राह्मणस्योपनयनं कृत्वा**) એટલે ગુરૂની પાસે કુમારને આઠ વર્ષનો થાય એટલે ભણવા મોકલવો.

બ્રાહ્મણ એટલે ઇશ્વરની સ્તુતિ પ્રાર્થના કરે અને શાસ્ત્ર ભણીને તે પ્રમાણે સ્વધર્માચરણથી વર્તે તે, એવો બ્રાહ્મણ શબ્દનો અર્થ છે. માટે બ્રાહ્મણના બાળકને વિદ્યારંભની સાથે ઇશ્વરના સ્વરૂપ, ગુણ, મહિમા, અને શક્તિ વિશે તથા તેની ભક્તિ પ્રાર્થનાનો પ્રકાર તથા તેની અવશ્યતા વિશે ઉપદેશ થાય તોજ તે મોટી ઉમરે ઇશ્વરનિષ્ટ તથા નીતિમાન થાય માટે બાળકોના માબાપો અથવા વાલીઓનો ધર્મ છે કે પોતાનાં બાળકોને નાનપણથી જ ઇશ્વર શું? ધર્મ શું? તેની ભકિત કેવી રીતે કરવી? તેની સમજ પાડવી.

કુસંગા સંગ અને ધર્મ સંબંધી ખોટા ઉપદેશો મળવાથી છોકરાંઓનાં મન ઉપર ખોટી અસર થાય છે. બીજી વિદ્યામાં તેઓ કુશળ થાય છે પણ ધર્મની વાતથી છેક અજાણ્યાં રહે છે, અને તે કારણથી તેઓ ઇશ્વરથી વિમુખ થઇને તેમનું પરિણામે પતન થાય છે, માટે આઠ વર્ષથી તે ૧૬ વર્ષ સુધીની વયના બાળકોના ઉપયોગને વાસ્તે આ લઘુ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તેનો સમજુ મા બાપોએ પોતાનાં છોકરાંને પ્રથમ અભ્યાસ કરાવવો અને પછી દરરોજ સવારમાં સ્નાન સંધ્યાદિક નિત્ય કર્મ કરવાનો નિયમ રખાવવો.

પદ રાગ પુનમચંદનીનો.

આ કથા શ્રવણ કરજો સૌ ઉપવિત માહાત્મ્યનીરે. ટેક.

મળશે ધર્મ અર્થને કામ મોક્ષનું જ્ઞાન,
થાશે સફળ જનમ સંસારે વાડવ વંશમાંરે.

સાખી. ૧

બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્યને શુદ્ર વર્ણ એ ચાર,
ત્રિવર્ગ દ્વિજ કહેવાય છે ઉપવિતને આધાર;
સહેજે સમજાશે એ ભેદ જ્ઞાન મળશે ઘણુંરે,
ટળશે તંન મન કેરૂતિમિર તે સાક્ષાત; આ કથા. ૧

સાખી. ૨

શા કારણથી દ્વિજને ઉપવિતનો અધિકાર,
ક્યારે કોને કેટલી ઉમરનો આધાર;
એ સર્વેના સૌ સજ્જન જાણીતા થશોરે,
જે છે સકળ શાસ્ત્રનો સાર અને આધાર; આકથા. ૨

સાખી. ૩

સંધ્યા ગાયત્રી તણો શો છે સાર વિવેક,
તેનું વર્ણન સાંભળો વિપ્ર ધરીને ટેક;
જેથી તનમાં થાશે જ્ઞાન દીપ પ્રકાશનોરે,
પમાશે તિમિર ટળીને તત્વજ્ઞાન તતકાળ; આ કથા. ૩

સાખી. ૪

સંસારે સુખશાંતીને મુક્તિ પદ પર લોક,
મળશે મનમાં ધારતાં વૈભવકેરા થોક;
પ્રાણગોવિંદ કહે કરજોડી સરવે સાથનેરે,
કહુંછું શ્રેષ્ટ દ્વિજના ઉપવિતનો મહિમાય; આ કથા. ૪

उपवित महात्म्य.

मंगलाचरण.

श्री गणेशायनमः ॥ ॐसत्यंज्ञानमनंतंब्रह्म आनंदरुपम मृतंयद्विभातिशांतंशिवमद्वैतं शुद्धमपापविद्धं ॥ ॐतत्सत्परमात्मनेनमः ॥

गुरुब्रह्मा गुरुविष्णु, गुरुदेव महेश्वरं ॥ गुरुसाक्षात्परब्रह्म, तस्मैश्रीगुरुवेनमः ॥ जमदग्नीभरद्वाजो, विश्वामित्रोऽत्रिगौतमो वसिष्ठ कश्यपागस्त्या मुनयोऽयंनमोस्तुते ॥ मंगलंभगवान्विष्णुं मंगलंगरुडध्वजं। मंगलंपुंडरिकाक्षंमंगलाय तनोहरिः ॥

सर्वमंगलमांगल्ये, शिवःसर्वार्थसाधके ॥ शरण्यसर्वलोकानां, महादेवनमोस्तुते ॥

पद १

मंगल छे नामतारुं, मंगल छे धामतारु, टेक
मंगल छे कामतारुं, त्रिभुवन नाथतुं ॥ १ मं०
तुज पद छे वरद, कृतकर्म फळपद;
अव्यक्त अखंड एक, अकळ अबाधतुं. ॥ २ मं०

एवो तुं प्रभु महान, सघळे विराजमान;
जाणीले बधी अमारी, अंतरनी वाततुं ।। ३ मं०
अवगुण छे अगाध, गणती न थाय नाथ,
तरवुं छे तारे हाथ, प्रभु मात ताततुं. ।। ४ मं०

पद २

धन्य धन्य धन्य आज दिन आनंदकारी;
दिन आनंदकारी प्रभु दिन आनंदकारी;
सुहृद सुजनमळिसहु प्रभु स्तुति करे तमारी. धन्य. १
सत्य छे तमारुं नाम, सत्य छे तमारु काम;
नथी दया तणो विराम, मंगळ गुण धारी; धन्य. २
ब्रह्म गीत सर्व गाय भक्तजन कृतार्थ थाय;
रहो तमे सदा सहाय, संकट भय हारी; धन्य. ३
जय जय जयकार करो, सर्व विघ्न व्याधि हरो;
वांछनां अमारी पुरो, परम उपकारी; धन्य. ४
मंगलमय मात तात, सर्व छे तमारे हाथ,
श्रवण करो विश्वनाथ, प्रार्थना अमारी; धन्य. ५

ब्राह्मणनुं वर्णन.

आर्य धर्मना श्रुती, स्मृती अने पुराणादि ग्रंथोमां म-

नुष्यनी सघळी जातिओमां ब्राह्मणोने श्रेष्ट मानेला छे.

'ज्ञानकर्मोपासनाभि, र्देवता राधने रतः

शांतो दांतो दयालुश्च, ब्राह्मणश्चगुणैःस्मृतः ॥

जे ज्ञान, कर्म तथा उपासनाए करीने ईश्वर स्मरण करवामां प्रीति राखनार शांत जीतेंद्रिय तथा दयाळु एवा गुणवाळो होय तेने ब्राह्मण कहेवो.

क्रोधः शत्रुः शरिरस्थो, मनुष्याणां द्विजोत्तम ॥

यःक्रोधमोहौत्यजति, तंदेवा ब्राह्मणंविदुः ॥

योवदेदिहसत्यानि, गुरुंसंतोपयतच ॥

हिंसितश्चनहिंसेत, तंदेवा ब्राह्मणंविदुः ॥

जितेंद्रियो धर्मपरः; स्वाध्याय निरतःशुचिः ॥

कामः क्रोधोवशेयस्य, तंदेवा ब्राह्मणंविदुः ॥

यस्यचात्मसमोलोको, धर्मज्ञस्यमनस्विनः ॥

सर्व धर्मेषुचरत, स्तंदेवा ब्राह्मणंविदुः ॥

अर्थ—क्रोध ए माणसना शरिरमां रहेलो शत्रु छे, माटे जे क्रोध अने मोहने तजे, सत्य बोले, गुरुने संतोष आपे, दुःख देनानारने सामुं दुःख न दे, ईंद्रिओने वश राखे, धर्म पाळे, विद्याभ्यास करवामां तत्पर रहे, शुद्ध रहे, काम

अने क्रोधने वश करे, धर्म जाणे, मनस्वी होइने सर्व लोकने पोताना समान माने, अने सर्व प्रकारनां धर्माचरणथी वर्त्ते, तेने देवो ब्राह्मण कहे छे.

उत्पत्तिरेव विप्रस्य, मूर्ति धर्मस्य शाश्वती ॥
सहिधर्मार्थ मुत्पन्नो, ब्रह्म भूयाय कल्पते ॥
ब्राह्मणो जाय मानोहि, पृथिव्यामधिजायते ॥
ईश्वरःसर्व भूतानां, धर्मकोषस्य गुप्तयो ॥ मनुः

ब्राह्मणनो जन्म एज कोइ धर्मनो अखंड अवतार छे, कारणके ब्राह्मणधर्म अने मोक्षने अर्थे उत्पन थयेला छे. ॥ माटे ब्राह्मण जन्मे छे त्यारथीज ते पृथ्वि उपर श्रेष्ठ गणायछे, अने ते सर्व प्राणीनो उपरी छे, केमके धर्मरुपी भंडारनुं रक्षण करवानुं काम एने सोंपेलुं छे.

उपवित संस्कार विषे.

जन्मना जायते शुद्र, संस्कारात्द्विजउच्यते ॥
वेदाभ्यासे भवेद्विप्र, ब्रह्मन्जानातिब्राह्मणाः ॥

जे शुद्ध ब्राह्मणना बीजथी उत्पन्न थयेलो ते शुद्ध जाणवो, पण तेने शास्त्रोक्त वेदमंत्रोवडे सोळ संस्कार करवामां आवे त्यारे ते द्विज एटले बे जन्मवाळो कहेवाय छे.

पछी ते वेदनो अभ्यास करे त्यारे विप्र थाय, अने ज्यारे तेने ब्रह्मनुं (ईश्वरनुं) ज्ञान थाय त्यारे ब्राह्मण कहेवाय.

द्विज एटले ब्राह्मण, क्षत्री, अने वैश्य ए त्रण जातीना लोकोने नीचे लखेला सोळ संस्कार वेदोक्त मंत्रवडे करवा जोईए.

गर्भाधानं पुंसवनं, श्रीमंतं जातकर्मच ॥
नामकर्मनिष्क्रमण, मन्नप्राशन चौलकं ॥
मौंजीवेद महानाम, महाव्रत्तमतःपरं ॥
औपनिषदं गोदानं, समावर्तनमेवच
विवाहःपुत्रकामाय, संस्काराःसोडशाःस्मृताः

१ गर्भाधान, २ पुंसवन, ३ श्रीमंत, ४ जातकर्म, ५ नामकर्म, ६ निष्क्रमण, ७ अन्नप्राशन, ८ चौलकर्म, ९ मुंजीबंधन, (जनोईदेवुं) १० वेदाभ्यास, ११ महानाम, १२ महाव्रत्त, १३ उपनिषद, १४ गौदान, १५ समावर्तन, अने पछी १६ मोविवाह एटले लग्न संस्कार.

उपरना दरेक संस्कारनो विधी केवी रीते करवो अने तेनो भावार्थ शुं छे ते सघळा द्विजोए जाणवुं जोइए, ज्यां

सुधी जेने उपर लखेला सोळ संस्कार शास्त्र विधी प्रमाणे थया नथी, तेमज तेनो भावार्थ जे समजता नथी ते ब्राह्मणछे एवुं कही शकाय नहीं.

स्त्रीने रजोदर्शन थया पछी गर्भाधाननो संस्कार करवो, दक्षणी लोकोमां तेने ऋतुशांती कहेछे. पछी पांच महीनांनो गर्भ थाय एटले पुंसवन एटले राखडी बांधवानो संस्कार करवो. पछी श्रीमंत एटले खोळाभरणु (अघरणी) नो संस्कार करवामां आवे छे.

चोथा जातकर्मथी पंदरमा समावर्तन सुधीना १२ संस्कार जनोइ देती वखत सामटा करवामां आवे छे. परंतु ते क्यारे •अने शा वास्ते करवा तेनो मर्म कोइ समजतुं नथी. आश्वलायन गृह्य सूत्रमां कह्युंछे के

अष्टमेवर्षेब्राह्मणस्योपनयनं,तत्पश्चात्द्वादशवर्षब्रह्मचर्यमिति

आठमे वर्षे ब्राह्मणना छोकराने उपनयन एटले जनोइ देइने तेने गुरुने घेर भणवा मोकलवो, अने तेने ओछामां ओछां १२ वर्ष सुधी ब्रह्मचर्यव्रत पळाववुं एटले तेने विश वरस सुधी परणाववो नहीं. वळी जनोई देती वखते ब्रह्मचारीने केटलीक वेद आज्ञाओ पाळवानी प्रतिज्ञा आपे

छे ते प्रतिज्ञाओ निचे प्रमाणे.

१ अंष्टचत्वारिंशतवर्षाणीपादुनम् अर्धेन,त्रिभिर्वा, द्वादशवर्षवराद्यं॥ ४८, ३६, ३२, २४, अने छेवटे २० वर्ष सुधी ब्राह्मणना छोकराए ब्रह्मचर्यव्रत पाळीने पुरो विद्याभ्यास करवो.

२ अहरहरः संध्यामुपासयेत्, दररोज संध्यानुं उपासन करवुं.

३ उचीष्टमन्नंनभक्षयेत्; कोईना भाणानुं छांडेलुं अन्न खावुं नहीं.

४ परदारान्नालिंगयेत्. पर स्त्रीनो संग करवो नहीं.

५ सुरान्नपिबेत्, सुरापान करवुं नहीं.

६ नमांसंभक्षयेत्, मांसनुं भक्षण करवुं नहीं.

७ नानृतंवदेत्, जुठु बोलवुं नहीं. ईत्यादि.

उपनियगुरुःशिष्यं, शिक्षयेच्छौचमादितः॥
आचार्यमग्नीकार्यंच, संध्योपासनमेवच॥

गुरुए पोताना शिष्यने जनोइ दीधा पछी प्रथम तेने पवित्रता, आचार, अग्निसेवा (होमादि) तथा त्रीकाळ संध्या करवानुं शीखववुं.

जनोई दीधा पछी बीजे दिवसे नीचे लखेली बाळ (लघु) संध्या करतां शीखववी.

दररोज सवारमां सुर्योदय थता पेहेलां उठाडीने शौच स्नान करावीने पवित्र (डाभ–अथवा उनना) आसन उपर पूर्वाभि मुखे बेसारवो अने नीचे लखेलो गायत्री मंत्र शीखवीने (बोलावीने) पलाळेली विभुति सूर्यनारायणने बतावी "ॐनमःशिवाय" ए पंचाक्षरी मंत्रवडे कपाळ, हाथ अने हृदय इत्यादि ठेकाणे बे हाथनां त्रण त्रण आंगळांवडे लगाडवी.

ब्रह्मणेनमः विष्णवेनमः रुद्रायनमः एरीते त्रण देवनां नाम देईने त्रण आचमन करवां अने गायत्री मंत्र भणीने शिखा (चोटली) नी गांठ बांधवी.

ॐभूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धिमही; धियोयोनःप्रचोदयात् ॥ आ गायत्रीमंत्रना पद, अन्वय, अने अर्थ छेवटनी टीकामां करवामां आव्या छे ॥ पछी नीचेनो मंत्र भणीने त्रण प्राणायाम करवा.

ॐभूः ॐभुवःॐस्व ॐमहः ॐजनः ॐतपः ॐसत्यं ॐतत्सवितु वरेण्यं भर्गोदेवस्य धिमही धियोयोनःप्रचोद

यात् ॐआपोज्योतिरसोमृतं ब्रह्मभूर्भुवःस्वरोम् ॥ एरीते विभुती, शीखाबंधन, आचमन अने प्राणायाम करीने नीचे लख्या प्रमाणे संकल्प करवो.

ॐ. अत्राद्यमहामांगल्यप्रदे अमुकमासे, अमुकपक्षे, अमुकतिथौ, अमुकवासरे, ममोप पात्त दुरितक्षयार्थंप्रातः संध्यो पासनमहं करिष्ये.

त्यार पछी उपरना गायत्री मंत्र वडे ॥ "श्रीसूर्याय एषतो अर्घ्यः" एम बोलीने श्रीसुर्यनारायणना सामा त्रण अर्घप्रदान करवा. बपोरे एक अने सायंकाळे त्रण एरीते दिवसमां सात अर्घ्यप्रदान करवा, समयवीती गयो होय तो दरेक वखते एक एक अर्घ्य वधारे आपवो. पछी उभा थईने बे हाथ उंचा करी नीचे लखेला बे मंत्रोभणी सूर्यनु उपस्थान करवुं.

ॐ.उद्वयंतमसस्परिस्वः पश्यंत उत्तरं ॥ देवं देवत्रा सूर्य मगन्मज्योति रुत्तमम् ॥ १ ॥

ॐ.उदुत्यं जातवेदसं देवंवहंति केतवः॥ दृशे विश्वाय सूर्यम् ॥ २ ॥

पछी रुद्राक्षनी माळा गौमुखीमां राखी १०–५–२ अ-

थवा एक पोतानी शक्ति, देश, काळ अने फुरसद प्रमाणे गायत्री मंत्रनो जप करवो. सवारे पूर्वसामा अने सांजे पश्चिम सामा मुख राखीने संध्या करवी.

छेवट संध्या करी रह्या पछी नीचे प्रमाणे संकल्प करवो.

ॐ. अनेन प्रातः संध्याख्येन कर्मणा भगवान् श्री सविता देवता प्रियंताम् नमम ॥

जनोई दीधा पछी बाळ, युवान के वृद्ध जे अस्नात (नाहाया विना) अने संध्या कर्याविना जमे अथवा बीजुं कांई पण धर्मनुं के व्यवहारिक काम करे तो तेनुं तेने कांई पण फळ न मळतां पाप अने दुःख प्राप्त थाय छे. संध्या करवाथी बुद्धि निर्मळ थाय छे, विद्या, धर्म, नीति अने पात्रता आवे छे, अने तेनी प्रतिष्ठामां वधारो थई धन प्राप्ती थाय छे, अने धन वडे आ संसारनां सर्व व्यवहारिक कार्य सिद्ध थाय छे. माटे द्विजलोकोये सघळां काम पडतां मुकीने नित्य सवारमां संध्या करवानो नियम राखवो. संध्या करवाथी आयुष्य, तेज अने बळनी पण वृद्धि थाय छे एवुं शास्त्रकारो कहे छे.

विप्रोवृक्षस्तस्यमूलंचसंध्या, वेदशाखाधर्मकर्माणिपत्रं ॥
तस्मान्मूलंयत्नतोरक्षणियं, छीन्नेमूलेनैवपत्रंनशाखा ॥ १
संध्याएनेनविज्ञाता, संध्याएनानुपासिता ॥
जीवमानोभवेच्छुद्रो, मृतश्वानोभिजायते ॥ २ गोभिलस्मृ०
संध्याहिनोऽशुचिर्नित्य, मनर्हःसर्वकर्मसु ॥
यदन्यत्तुकुरुतेकर्म, नतस्यफलभाग्भवेत् ॥ ३ दक्षस्मृ०
संध्यातिक्रमणंयस्य, सप्तरात्रमपिच्युतं ॥
उन्मत्तदोषयुक्तोयः पुनःसंस्कारमर्हति ॥ ४ शौनकस्मृ०
उपतिष्टंतियेसंध्यां, येनपूर्वांनपाश्चिमां ॥
व्रजंतितेदुरात्मान, स्तामिश्रंनरकंनृप ॥ ५ विश्नुपुराण
सायंप्रातःसदासंध्यां, योविप्रानउपासते ॥
तानेवधार्मिकोराजा, शुद्रकर्मसुयोजयेत् ॥ ६ स्मृत्यंतर
योऽन्यत्रकुरुतेयत्नं, धर्मकार्येद्विजोत्तम ॥
विहायसंध्याप्रणतिं, सयातिनरकायुतं ॥ कुर्मपु०
पूर्वांसंध्यांजपस्तिष्टे, त्सावित्रीकर्मदर्शनात् ॥
पश्चिमांतुसमासिन, सम्यगृक्षविभावनात् ॥ ८ मनु
नतिष्टतितुयःपूर्वां, नोपास्तेयश्चपश्चिमाम् ॥
सशुद्रवद्बहिष्कार्यः, सर्वस्माद्विजकर्मणः ॥ ९ मनु.

एतत्संध्यात्रयंप्रोक्तं, ब्राह्मण्यंयत्रतिष्ठति ॥
यस्यनास्त्यादरस्तत्र, नसब्राह्मणउच्यते ॥ १० कात्यायनस्मृ.

अर्थ—ब्राह्मणने त्रण प्रकारनां कर्म करवानां कहेलां छे, १ नित्य, २ नैमित्तक, अने ३ काम्य तेमांथी नित्य कर्मनो विधि सबळ ने जरुरनो छे. परंतु घणा खरा ब्राह्मणोएतो तेनो त्याग कर्यो होय एम जणाय छे. मन्वादि स्मृतिओमां कह्युं छे के.

१ विप्ररुपी एक वृक्ष छे, तेनुं मूळ अने थड संध्या छे, डाळां पांखडां तेना वेद छे अने पत्र फूल तेनां धर्म कर्मछे.

२ संध्याने जे जाणतो नथी (जे संध्या भण्यो नथी) तथा संध्यानुं उपासन करतो नथी ते जीवतो होय त्यां सुधी शुद्र जेवो छे ने मुवा पछी कुतरो अवतरे छे.

३ जे ब्राह्मण संध्या करतो न होय तेने सदाय सुतकी (अपवित्र) जाणवो एने कोई उत्तम काम (यज्ञादिदेवकार्य) करवा कराववानो अधिकार नथी. हरेक देवकार्य के पितृकार्य करवानो अधिकार संध्या कर्या पछी थायछे. संध्या कर्या विना कोई पण उत्तम कार्यनुं फळ तेने मळतुं नथी.

४ जे ब्राह्मण सात दिवस सुधी संध्या कर्या विना रहे ते कदापि गांडो थई गयो होय तोपण तेने फरीथी जनोई देवुं जोईए.

५ हे राजा ? जे द्विज प्रातःकाळनी अने सायंकाळनी संध्या करतो नथी. ते दुष्ट मनुष्य अंधारिआ नरकमां पडे छे.

६ जे ब्राह्मण सवारे अने सांजे संध्या करे नहीं तेने धार्मिक राजाए शूद्रनुं एटले चाकरनुं काम सोपवुं.

७ जे ब्राह्मण संध्या छोडीने एथी बीजी रीते धर्मकार्य करे, तोपण तेणे संध्या छोडी तेथी ते नरके जायछे.

८ प्रातःकाळनी संध्या समये सूर्योदय थतां सुधी पूर्वाभिमुखे उभा रहीने तथा सायंकाळे तारानुं दर्शन थता सुधी पश्चिमाभि मुखे बेशीने गायत्रीनो जप करवो.

९ उपरना श्लोक प्रमाणे जे ब्राह्मण उभा रहीने प्रातःकाळनी संध्या तथा जप करतो नथी, अने बेशीने सायंकाळनी संध्या तथा जप करतो नथी, तेने शुद्रना जेवो जाणीने तेनी जातीना कर्मथी दूर करी नात बाहार मुकवो. पछी तेने पशु समान जाणीने तेनो आदरसतकार करवो नहीं.

१० जे त्रिकाल संध्या सूत्रोमां कहेली छे, ते नित्य करवाथी ब्रह्म तेज वधे छे, जेने ते करवानो आदर (भाव) नथी ते ब्राह्मण कहेवाय नहीं.

संध्या एटले "संधिकालोपास्यात् संध्या" रात्री दिवसना संधी (संयोग) समये ईश्वरनी उपासना (ध्यान) करवी तेनुं नाम संध्या अथवा " सम्यकध्येत्यात् संध्या " परमेश्वरने पोतानी समीप उभा छे एम जाणी तेमनुं सारी रीते ध्यान कराय छे माटे तेनुं नाम संध्या ए प्रमाणे संध्या शब्दनी व्याख्या करेली छे.

टीका—हवे गायत्री मंत्रनो अर्थ आपणा वृद्ध मुनिओए केटलाक ग्रंथोमां करेलो छे ते कहुं छुं. गाय अने त्री- ए बे शब्द मळीने गायत्री शब्द थाय छे. तेनो अर्थ—गानार एटले तेनो यथाविधि जप करनार अने बीजो पापथकी तारे छे माटे ते गायत्री कहेवाय छे.

ॐ. ए शब्द ईश्वर वाचक छे, प्रत्येक वेद मंत्रना आरंभमां तेनो उच्चार करवानी आवश्यकता छे. भूःभुवःस्वः ए त्रण व्याहृति छे. वेदमांथी सार रुपे खेंची काढेली ते व्याहृति कहेवाय छे. ए त्रण व्याहृति सूर्यना तेज (भर्ग)

ना विशेषणरूपे वपराएली छे. सूर्यनुं तेज पृथ्वी, अंतरिक्ष, अने स्वर्ग ए त्रण ठेकाणे व्यापेलुं छे, ए तेनो भावार्थ छे.

आठ आठ अक्षरनुं एक एक चरण एवां त्रण चरण मळीने २४ अक्षरनो गायत्री छंद थाय छे माटे तेने त्रीपदा पण कहे छे. पेहेला चरणमां "ण्यं" छे तेनुं "णीयं" गणवाथी तत्सथी दयात् सुधीना २४ अक्षरो थाय छे ते नीचे प्रमाणेः—

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १३ १४ १५ १६ १७ १८ १९ २० २१ २२
तत्सवितुर्वरेणीयं भर्गोदेवस्यधीमहि धियोयोनःप्रचो
२३ २४
दयात् ॥

आ गायत्री छंदमां "परोरजसेसावदोम्" ॥ ए चोथुं चरण मळी अनुष्टुपछंद थाय छे. तेमां त्रीजा चरणनो छेलो अक्षर त् जोडाय छे माटे ते गणातो नथी. कदाच चोथुं चरण न जोडीये तो पण ते व्यंजन एटले अर्धो अक्षर होवाथी गणत्रीमां लेवातो नथी.

गयत्री मंत्रना पद, अन्वय अने अर्थ.

तत् सवितुः वरेण्यम् भर्गःदेवस्य धीमहि धियःयःनः प्रचोदयात् ॥ पद

सवितुःदेवस्य तत् वरेण्यं भर्गःधीमहि यःनःधियः प्रचोदयात् ॥ अन्वय •

शब्दार्थ—सघळा पदार्थोंना उत्पन्न करनार प्रकाशवान (एवा जे सूर्यनारायण) तेमना उत्तम तेजनुं (अमे) ध्यान करीये छीय जे तेज अमारी बुद्धिने धर्म अर्थ काम अने मोक्षमां प्रेरे छे. (अथवा जे अमारी बुद्धिने ए चारे पुरुषार्थोमां यथायोग्य विजय मेळवी शकाय एवा स्फुरणोनुं सामर्थ्य आपे छे.)

विद्यार्थीनी वर्तणुक.

माता पिता तथा गुरुए जनोई दीधेला ब्रह्मचारीने निचे लखेला नियमो प्रमाणे वर्तवानो हमेशां बोध करवो.

१ दररोज सवारमां सुर्योदय थतां पेहेलां उठवुं, दातणपाणी करवुं, नहावुं, अने संध्या तथा गायत्रीनो जप करवो.

२ संध्या कर्या पछी भणवा बेसवुं अने गुरुए आपेलो पाठ तैयार करवो. पछी जमीने निशाळे भणवा जवुं. भणतां वात करवी नहीं भणवामां चीत लगाडया विना विद्या आवडे नहीं. विद्या विना डाहापण आवतु नथी ने डाहापण विना लोकमां आबरु प्रतिष्ठा मळती नथी.

३ मा बाप, मेहेताजी अने गुरु (वडील) नी आज्ञा पाळवी.

४ विद्यारथीए नाटक, चेटक, नाच तमासा जोवा नहीं. बडबड करतां शीखवुं नहीं. अज्ञान समजमां जवुं नहीं. स्त्रीओ साथे काम जेटलुं बोलवुं. नम्रताथी चालवुं शांत अने जीतेंद्रिय थईने आत्म संयमी थवुं. बुद्धि स्थिर राखवी. क्रोधनो त्याग करवो. मत्सर अभिमान करवो नहीं. दिवसे सुवुं नही. अत्तर गुलाब वीगरे सुगंधी पदार्थोनुं सेवन करवुं नहीं.

५ कोई पण प्रकारना दुर्व्यसन के व्यभिचारना छंद मां पडवुं नहि.

६ कोई नठारा माणसनी सोबत करवी नहीं.

७ कोईना भाणानुं उच्छीष्ट (छांडेलुं) अनाज वीगरे खावुं नही तेम पोतानुं छांडेलुं बीजा कोईने खवडावबुं नही.

८ मिताहार एटले रुची प्रमाणे माफक खोराक खावो, सवार अने सांज मळीने बे वखत जमवुं, त्रीजी वखत खावानी टेव पाडवी नही.

९ सत्य बोलवुं अने दयाभाव राखवो.

१० पोताना घरमांथी अथवा बीजा कोईनी कांई पण वस्तु चोरीने अथवा बलात्कारे लेवी नही.

११ नकामा कोईने घेर भटकता फरवुं नहीं. मर्यादा राखीने सर्वनी साथे मीठा वचनथी बोलवुं.

१२ कोईनी नींदा अथवा चाडी करवी नही.

१३ कोईनी साथे मारा मारी अथवा गाळा गाळी करीने लढवुं नहीं.

१४ मन तथा ईंद्रिओने वश राखवां.

१५ जनोई दीधा पछी ओछामां ओछां १२ वर्ष सुधी ब्रह्मचर्य व्रत्त पाळीने पुरो विद्याभ्यास करवो अने वियनुं रक्षण करवुं. विद्या अने विनयवडे माणसनी आबरुमां वधारो थाय छे, अने तेनेज सुखशांती तथा द्रव्यनी प्राप्ति थाय छे.

उपर लखेली १५ आज्ञाओने अनुसरीने जे विद्यारथीओ पोतानो विद्याभ्यास जारी राखशे ते सर्व गुण संपन्न, ज्ञान, धन, धान्य, स्मृद्धि, आयुष्य, बळ, तेजस्वी थईने दीर्घायुष्य भोगवशे. अने जे ए नियमोनुं उलंघन

करी ने वर्तशे ते मुर्ख रही अल्पा युष्यवान थशे, लोकमां तेनी प्रतिष्ठा वधसे नही, लोकमां जेनी प्रतिष्ठा नथी तेनुं जीवतर फोकट जाणवुं. एवुं धर्म शास्त्रमां लखेलुं छे.

पेहेरेलु जनोई त्रुटे मुतक पडे, खोवाय, के भोंयपर पडे अथवा प्रतिबर्षे श्रावणीमां शास्त्र प्रमाणे प्रायश्चीत करीने निचेना वेद मंत्र वडे बीजुं नवुं जनोई वदलवुं.

ॐयज्ञोपवीतं परमंपवित्रं, प्रजापते र्यत्सहजंपुरस्तात् ;
आयुष्यमग्रयंप्रतिमुञ्चशुभ्रं, यज्ञोपवीतंबलमस्तुतेजः ॥१
यज्ञोपवीतमसियज्ञस्यत्वा यज्ञोपवीतेनोपनह्यामि ॥२॥

आ बाबतनी विशेष हकीकत माहाराजश्री नथुराम शर्माना रचेला आन्हिक प्रकाशमां जोवाथी मळशे. अने ते पुस्तकमां दर्षाव्या प्रमाणे १६ वर्षनुं वय थया पछी संध्यादिषट् कर्म करवां.

संगीत उपवित बोध.

આ ગીત ગીરધરકૃત રામાયણના, ઓખા હરણના, ત્રણ-તાળની ચોપાઇના, અથવા વિવાહ જનોઇમાં બૈરીઓને, ગાવાનાં હરકોઈ ગીતના રાગમાં ગવાય છે. દરેક ચરણની પાછળરે લગાડવો ઘટે ત્યાં લગાડવો.

પ્રથમ શ્રી ગણુપતિનું નામ લીજે, સમરી સરસ્વતિને કાર્ય કીજે,
થાજો સાહ્ય મને સારદાય, કહુ જનોઈ તણો મહીમાય; ॥૧
સ્રષ્ટી સુંદર બ્રહ્માએ કીધી, ઉત્તમ દેહ મનુષ્યને દીધી;
કાર્ય ધર્મે વર્ણો ચાર સ્થાપી, તેમાં શ્રેષ્ટતા બ્રાહ્મણને આપી; ॥ ૨
પ્રાણી માત્રછે પ્રભુને સમાન, બ્રહ્મજ્ઞાને બ્રાહ્મણ કેરૂ માન;
શ્રુતિ સ્મૃતિ છે જ્ઞાન ભંડાર, જે છે મોક્ષતણો આધાર; ॥ ૩
કરવો એ માટે વેદાભ્યાસ, જ્ઞાન બુદ્ધિનો થાય પ્રકાશ;
વાચા બાળની થઈ શુદ્ધ સારી, એજ પાત્રતા પ્રથમ વિચારી. ૪
શરણે ગુરૂને જાવું એ ધર્મ, ઉપ-નયન તણો છે એ મર્મ;
ઉપ-નયન છે યોગની નીતિ, કહુ જનોઈ કરવા તણી રીતિ. ૫
લેવું રૂ નિર્મળ શુદ્ધ સ્વેત, કાંતી સુત્ર કરવું ધરી હેત;
કાંતે બ્રાહ્મણ કે સ્ત્રીએ સૂત્ર, કાંતે વિધવા તોયતે પવિત્ર. ૬
ચાર આંગળીને મૂળે લેવા, છન્નું આંટા એ સૂત્રના દેવા;
સૂત્ર કાચું એ ત્રેવડું કરવું, વળ ચઢતો દઈને તે વણવું. ૭
ત્રણ તારો થાય દોરો એ જેવો, તેને ત્રેવડી સવળવળ દેવો;
આંટા ત્રણ ઘો વાળી પલાંઠી, લઈ આંટી વાળો બ્રહ્મ ગાંઠી. ૮
કૃતિ જેથી જનોઈ સિદ્ધ થાય, તેના મર્મોનો કહુ મહીમાય;
બોધ નીતિનો છે એમાં સારો, દેહ આદિના ધર્મ વિચારો. ૯
જેના જ્ઞાન થકી સુખ થાય, તેમજ મુક્તિનો માર્ગ સધાય;
લીધુ રૂ નિર્મળ નમ્ર શ્વેત, રાખો હૃદય એજ વિવેક. ૧૦
રૂનું સૂત્ર શરળ જેમ વાધે, જ્ઞાન બુદ્ધિની વૃદ્ધિથી સાધે;

ચાર આંગળિયો તે ચાર વેદ, તેના કર્મને જ્ઞાન બે ભેદ. ૧૧
કર્મવડે સર્વ, અનુભવ થાય, જ્ઞાન પ્રાપ્તિ ગુરૂથી કરાય;
પુરૂપ પરિમાણ છે ચાર હાથ, તેનાં આંગળ છન્નું સાક્ષાત. ૧૨
માપ પોત પોતાનુંજ લેવું, એમ ઋષિ મુનિઓનું છે કહેવું.
મ્હા શક્તિ ત્રણ અને તત્વ પાંચ, ઇંદ્રિય દશ વિદ્યા ચૌદ એ વાંચ. ૧૩
એ બત્રીશ માંહે મેળવાય, કળા ચોસઠતો છન્નું થાય;
સંખ્યા ત્રણના છે ઉત્તમ મર્મો, સત્વ રજ તમ દેહના ધર્મો. ૧૪
શકિત ઉત્પત્તિ સ્થિતિને નાશ, તે બ્રહ્મા વિશ્નુને રૂદ્ર સાક્ષાત;
નવતંતુના છે નવ દેવો, ઓંકાર અગ્નિ નાગને સેવો. ૧૫
સોમ પિતૃ પ્રજાપતિ લહીએ, વાયુ સૂર્ય વિશ્વેદેવા કહીયે;
કુંભક રેચક પૂરક પરિજ્ઞાન, લઘુ સમાધિએ નવ પ્રાણાયામ. ૧૬
વનડાથી નવે અંકો સધાય, તે નવથી સર્વ ગણીત ગણાય;
બીજા મર્મો છે એમાં અપાર, પણ તે ગણતાં લાગે ઘણી વાર. ૧૭
અર્થ ટુંકો સમજાવ્યો એવો, હેતુ સૃષ્ટી સમઋનો લેવો;
ગુણ વેદ વિદ્યાના ગંભિર, પ્રવેશક દિક્ષા એ જ્ઞાન મંદીર. ૧૮

રાગ બીજો ફેરવીને ગાવું.

यज्ञोपवित्ते ગાયત્રિ ઉપદેશ, જેમાં રહ્યા છે શ્રેષ્ટ ઉદ્દેશ;
સૂર્ય છે સૃષ્ટિ જીવન સાક્ષાત, માટે બ્રાહ્મણ સેવે અહો રાત. ૧૯
જીવન શકિતનો ધરીને ઉદ્દેશ, પુત્રિ ગાયત્રીને ભજે હમેશ;
એને બ્રાહ્મણ માને છે ઇષ્ટિ, જેથી નાસે સર્વ અરિષ્ટ. ૨૦
યોગ્યતા ઉપદેશકનો વિચાર, કહુ કોનો આદિ અધિકાર;

પ્રથમ પિતાનો છે મુખ્ય પક્ષ, તેને અભાવે પ્રપિતા સમક્ષ. ૨૧
તે નહીતો કાકા કરે ઉપદેશ, પછી જેષ્ટ બંધુનો જાણો શ્રેષ્ટ;
ક્રમ સંબંધે વડિલ અધિકાર, કહ્યો ધર્મ સિંધુમાં વિસ્તાર. ૨૨
ઉપવિત સંખ્યાનો એવો વિવેક, બ્રહ્મચારી એ ધરવું એક;
સ્નાતક બ્રાહ્મણને બે ઉચિત્ત, વસ્ત્રાભાવે ત્રીજુતો ખચીત. ૨૩
છે પિતા કે જેષ્ટ બંધુ જીવંત, તેને ત્રિજાનો છે પ્રતિબંધ;
સ્પર્શા સ્પર્શનો દોષ ગણાય, ત્રુટે ભોંય પડે કે ખોવાય ૨૪
વિધિ પ્રાયશ્ચિતનો છે વિવેક, જુદો જુદો પરત્વે પ્રત્યેક;
ઉપવિત સર્વદા કંઠે ધરવું, દેવ કર્મ સવ્યે આચરવું. ૨૫
પિતૃકાર્ય અપ સવ્યે કરાય, ઉપવિત વ્યવહાર એવો જણાય;
વર્ણાશ્રમે જુદા જુદા કાળ, બ્રાહ્મણ ક્ષત્રીને વૈસ્યના બાળ. ૨૬
ગણી જન્મથી કે ગર્ભ સ્થિતિ, વર્ષ પાંચ કે આઠની નીતિ;
અવરોધે બ્રાહ્મણ કેરા બાળ, વર્ષ સોળ સુધીનો છે કાળ. ૨૭
ક્ષત્રિ વર્ણ અગિઆર કે બાર, અડચણે બાવિશનો આધાર;
બાર સોળ એ વૈસ્યની રીત, ચોવીશ પર્યંત પણ છે ઉચિત. ૨૮
ધન પ્રાપ્તિની ઇચ્છા જો હોય, વર્ષ છઠ્ઠે અધિક ફળ જોય;
વિદ્યા વૃદ્ધિની વાંછના થાય, તો વર્ષ સાતમે સિદ્ધિ ગણાય. ૨૯
જો કિર્તિ કેરો ધરો અભિલાષ, વર્ષ નવમે કર્યાથી પુરે આશ;
પ્રાપ્તિ એ સર્વ તણું હોય મન, ખચિત કરો આઠમે ઉપનયન. ૩૦
માસ દિવસ વારને ગ્રહ બળ, જોશી પાસે જોવડાવો શુભ ફળ;
લેવું મુહુર્ત અવિછીન્ન જોઇ, કરો શાંતી નિર્બળ ગ્રહ કોઈ. ૩૧

ગુરૂ ઘેર જાતાં લાવે મામો સાહી, બાળ બુદ્ધિથી જાય ભોળવાઈ;
વ્યવહારની એ મિથ્યા ઠગાઈ, વિદ્યાકળાથી સર્વે કમાઈ. ૩૨
લઈ ઉપદેશ પાળે બ્રહ્મચર્ય, તો શિખે જ્ઞાન વિવેક ચાતુર્ય;
કર્મ વિધિનો વિસ્તાર અપાર, સંક્ષેપ માત્રે કહ્યો અહીં સાર. ૩૩
કર્મ અંતે ગુરૂ ચરણે જાય, પછી માત પિતાને લાગે પાય;
શિખામણ ગુરૂ દેરે આશિશ, સુણે બડવો નમાવી શિશ. ૩૪
કાર્યે અનીતિ તણાંની મનાઈ, ખચિત પાળો પરમ પવિત્રાઈ;
અખાદ્ય ઉચ્છિષ્ટ ખાતું ન કદાપિ, થાય બુદ્ધિ મલિનને પાપી. ૩૫
આજ્ઞા માતપિતાની ન લોપો, થાજો સદ્‌ગુણી લેઇ રૂડા બોધો;
ન કરો સંગત કુડા જનોની, વૃત્તિવાળો નઠારાં મનોની. ૩૬
દીર્ઘાયુષ્ય પુત્ર પરિવાર, પામો લક્ષ્મી તણો ભંડાર;
આ સદબોધ ગવાડે ને ગાય, તેના પુરો, હિત જગન્નાથ સહાય. ૩૭

— લી. પુરોહિત જગન્નાથ ઇચ્છારામ સુરત

उदीच्य हितेच्छु सभाने मदद करवा विशे दोहरो.

સભા ઉદીચ્ય હિતેચ્છુ શુભ, પ્રગટી પ્રભૂ પ્રતાપ;
મદદ કરો તનમન થકી, અહો વિપ્ર સૌ આપ. ૧

હરિગીત છંદ.

સહુ સ્નેહિઓ મુજ સાંભળો, ઉરનો તજીને આંબળો:
દિલમાં દયા ધરિ દીન, જ્ઞાતિનાં તમે દુખડાં દળો.
નિર્ગુણ ન્યાયાધીશ નરહરિ, નેહ ધરશે તો નકી;

આપો સભા ઔદિચ્ય હિતેચ્છુ, ને મદદ તનમન થકી. ટેક. ૧
પ્રભુ એ કૃપા કરીં સર્વને, શુભ બુદ્ધિ હાલ સુજાડી છે;
તેમાં મદદ આપી અને, હીંમત મહા દેખાડી છે;
વૃદ્ધિ થશે પ્રતિ દિવસ એવી, ઉર વિશે રહેછે વકી. આપો. ૨
સહુ સદ્‌ગુણીના શુભ વિચારે, શુભ સભા આ સ્થાપિ છે;
એમાં અતીશે ઇશ્વરે, આપે મદદ વળી આપિ છે;
લાયક લખાયા મેમ્બરો, છેલલિત લક્ષણ લાયકી. આપો. ૩
જીવનની દોરી આ સભાની; હાથમાં છે આપના;
પોષણ કરો પ્રિતે સકળ, થાશે પુરી મન કામના;
ઝખમારશે જન જંગલી, જેવા હશે જેઓ જકી. આપો. ૪
શુભ કાર્યમાં હરિ મદદ આપે, નવાઈ એમાં શી વશી;
ધ્યાને ધરો આ વાત દાડો, ધારણા પૂરણ ધશી;
બીજા પછાડી એવકુફો, બડબડી રેશે બકી. આપો. ૫
અભિમાન કુળનો આદરે, અતિથૈ ખરાબી આપણી;
તોપણ જરૂર જોતા નથી, જુલમી બુરી રીત્યો ભણી;
તેથી ઘણાકજ નિપજે, પરિણામ આખર ઘાતકી. આપો. ૬
વિદ્યા વિશે પાછળ વિશેશ, રહી ગયા આપણ છીયે;
દ્યો ધ્યાન તેપર જ્ઞાન દઈ, હિંમત ધિમંત ધારો હિયે;
નીતી ગ્રહણ કરિને તમામ, અનીતિ નાંખો ઝાટકી. આપો. ૭
હરકોઈ કરતાં કામ શુભ, નડતીજ અડચણ આવિ છે;
ત્યમ આ સભા અતિ મ્હેનતે, સર્વે મળી ઉઠાવિ છે;

છે મદદ કરતા ઈશ, માણસ શું કરે છકમાં છકી. આપો. ૮
ઉત્પન્ન થતાં આ શુભ સભાનું, વધ્યું માન આપણું છે અતિ;
મુંબૈ વિલાયત થૈ પ્રસિદ્ધી, વીધિએ ફેરવી તો મતી;
તેવા પ્રયત્ન સજો ટટાર, રહે સભા રોજે ટકી. આપો. ૯
ધીમંત વિરો હિંમત ધરો, કિંમત થશે તો આપણી;
જ્યમ જ્યમ કસાશે કનક, શોભા પામશે ત્યમ ત્યમ ઘણી;
દુખ આવતાં અટકો સકળ, વિખ્યાતી પામો નામની;
આશીશ છે દિન નીશ અતિ, એવી ગુલાબીરામની. આપો. ૧૦

કવી. બુ. ચ. દવે.

આરતી.

જયદેવ જયદેવ જયમંગળકારી, પ્રભુ જય મંગળકારી;
અતિ કરૂણા વિસ્તારી (૨) પ્રભુ છો ઉપકારી; જયદેવ૦ ૧
ષડ્ગુણ યુત ભગવાન, ભક્તિ સદા આપો પ્રભુ ભક્તિ૦
કરૂણા કરી સેવકનાં (૨) ભય શંકટ કાપો; જયદેવ૦ ૨
શુભ મંગળ ગુણગાય, ભક્તજનો તારા પ્રભુ૦ (૨)
અવિચળ શુભ પદ આપો (૨) વિભુ વિશ્વાધારા; જયદેવ૦ ૩
કોટચા વધિ અપરાધ, પ્રભુ નિશ દિન દેખો; પ્રભુ૦ (૨)
દયા કરી દીનદોષો (૨) ચિતમાં નવ લેશો; જયદેવ૦ ૪
સકળ વિશ્વમાં વ્યાપ્ત, પ્રભુ સત્તા ભાસે; પ્રભુ૦ (૨).
સુંદર નિયમો નિરખી (૨) ચિત નિત્ય ઉલ્લાસે; જયદેવ૦ ૫

પ્રેમ પુષ્પની માળ પ્રભુને શુભ ચરણે; પ્રભુને૦ (૨)
અર્પણ કરી દૃઢ શ્રદ્ધા (૨) થકી રહીયે શરણે; જયદેવ૦ ૬
દુરાચારથી દૂર પ્રભુ રાખો અમને; પ્રભુ રાખો૦ (૨)
દિવ્ય પિતા પ્રભુ કરીયે, (૨) વિનતી અમે તમને; જયદેવ૦ ૭
મળી મંડળી મહારાજ, અભિવંદન કરિયે; પ્રભુ૦ (૨)
સદા પરા ભક્તિ થકી, (૨) સ્મરણ હૃદય ધરિયે; જયદેવ૦ ૮
જયદેવ જયદેવ, જય મંગળકારી; પ્રભુ૦ (૨)
અતિ કરૂણા વિસ્તારી, (૨) પ્રભુ છો ઉપકારી; જયદેવ૦ ૯

कर्पुर रुपं करुणा प्रसारं, संसारसारं भुजंग विहारं ॥
सदा वसंतं हृदयारविंदे, भवंभवा निसहितं नमामि ॥ १०
सर्व मंगल मांगल्ये, शिवःसर्वार्थ साधकः ।
शरण्य सर्व लोकानां, महादेव नमोस्तुते ॥ ११
आरार्तिकं समपयामि.

अथ पुष्पांजली

हरीःॐ. यज्ञेन यज्ञमयजंतदेवा स्तानिधर्म्माणि प्रथमान्यां सन् ॥ तेहना कम्मंहिमानःसचन्तयत्र पूर्व्वेसाध्याःसन्ति देवाः ० इत्यादि.

प्रार्थना स्तोत्र.

सरस्वती मयादृष्ठा, वेणा पुस्तक धारिणि;

हंसवाहिनि समायुक्ता, विद्यादानं कुरुमम: ॥ १ ॥
प्रथमे भारति नाम, द्वितियंच सरस्वती; ॥
तृतियं सारदादेवी, चतुर्थं हंसवाहिनि; ॥ २ ॥
पंचमि जगद्विख्याता, षष्ठी वाघेश्वरी तथा ॥
सप्तमि कौमारि प्रोक्ता, अष्टमि वरदायिनि; ॥ ३ ॥
नवमि सिद्धिदा प्रोक्ता, दशमि ब्रह्मचारिणि ॥
एकादशि चंद्र घंटेति, द्वादशि भुवनेश्वरि; ॥ ४ ॥
एवं ध्यात्वा, सरस्वति, द्वादश नामानि, त्रिसंध्यापठतेनरः
इमां जिव्हाग्रे वसंति, ब्रह्म स्वरुपिणि सरस्वती: ॥ ५ ॥

એ રીતે સરસ્વતીની આરાધના કરીને પુસ્તક ઉપર ચઢાવેલી ફુલની માળા આચાર્યે (કથા કહેનારા વ્યાસે) હાથમાં લેઇ નીચે લખેલા આશરવાદના મંત્રો ભણી જનોઇ દીધેલા બાળ બ્રહ્મચારીને પેહેરાવવી અને આ ઉપવીત મહાત્મ્યનું એક પુસ્તક તેને બક્ષીસ આપવું.

આશિરવાદ.

ॐ श्रीवर्च स्वमायुष्यमारोग्य माविधत्त पवमानं महीयते
धान्यंधनं पशुपुत्रलाभं शतसंवत्सरं दीर्घमायुः ॥ १ ॥
ॐ स्वस्ति नइंद्रो वृद्धश्रवाः स्वस्तिनःपूषाविश्ववेदाः ।

स्वस्ति नस्ताक्ष्र्यो अरिष्टनेमिः । स्वस्तिनो बृहस्पतिर्दधातु ॥ २ ॥ ॐ शान्ति, स्तुष्टि, पुष्टिरिद्धि, सिद्धि, स्मृद्धिरस्तुः सर्वेजनाःसुखीनो भवंतु" पछी इष्टदेव.

श्री गोविंद माधवकीजे. ॥ हरहर माहादेव ॥ बोली सकल समाजने सरस्वतीनो प्रसाद वेहेंचवो. आचार्यने दक्षणा भेठ पोतानी यथाशक्ति प्रमाणे आपी सभा विसर्जन करवी.

ઉપ સંહાર.

દરેક સ્થળના સઘળા (બ્રાહ્મણાદિ) દ્વિજ લોકોએ પોતાના બાળકોના ઉપવીત દેવાના અવસરમાં જનોઈ દેવાના મુકરર કરેલા દિવસે અથવા તે દિવસની લગભગમાં એક દિવસ મુકરર કરી તે દિવસે પોતાને અનુકુળ પડતા વખતે પોતાના ઈષ્ટ, મિત્ર તથા સગા સંબંધીઓને આમંત્રણ કરીને આવા શુભ અને મંગળ કાર્યની ખુશાલીમાં એક સારી મીજલસ (સભા) મેળવવી અને તેમાં કોઈ વિદ્વાન બહુ શ્રુત આચાર્યને (કથા કહેનાર હરદાસ જેવા વ્યાસને) બોલાવીને તે સભાની અંદર જનોઈ દીધેલા બ્રહ્મચારીના હસ્તક સરસ્વતીનું(વેદાદિ પુસ્તકનું) ગંધાક્ષત વીગરેથી પુજન કરાવી સંગીતમાં (વાજીત્ર સાથે) આ કથા કહેવડાવવી અને તેનું સર્વે સભાસદોએ શ્રવણ કરવું.

બ્રહ્મચારીના હસ્તક અથવા તેના માતા પિતા અને સગા

સંબંધીઓએ પોત પોતાની યોગ્યતા અને ઇચ્છાનું સાર હિતેચ્છુ સભાના સનાતનીક ધર્મ ફંડમાં કાંઈ પણ રકમ કરવી. કે જેમાંથી આવાં પુસ્તકો એ સભા તરફથી છપાવીને કોને બક્ષીસ આપવામાં આવે, અને પછી વ્યાસને યથ દક્ષણા આપવી.

જનોઈ દેતી વખતે સ્ત્રીઓ પાસે બીજાં ગીતોની ૨ પુસ્તકમાં લખેલા ઉપવીત ગોખ પણ ગવડાવવા.

જનોઈના દિવસ વિત્યા પછી બાળબ્રહ્મચારીને આ … સારી રીતે સમજુતી સાથે અભ્યાસ કરાવવો, જેથી તે બાળક આગળ જતાં ધર્મજ્ઞ અને નીતિવાન નીવડે અને તેનો સંસાર વ્યવહારમાં આબરૂ પ્રતિષ્ઠ વધે નાનપણથી જેને જે ટેવ પડે છે તેની છાપ મોટપણમાં જતી નથી. માટે બાળકોને નાનપણથીજ વિદ્યા, ધર્મ નીતિ અને સદાચારનું શીક્ષણ આપવું.

લી. શે. પ્રાણગોવિંદ રાજારામ મેહેતાજી

મુ. અમદાવાદ.